જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૨/૨૦૨૩ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૯૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૩૨૩ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૭૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૯૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૩૦૦/૨૦૨૩

**ચાંદખેડાઃ** પ્રધ્યુમન સ/ઓ ચંદનસિંગ સીકરવાલ (રહે. ભગીરથ ટેનામેન્ટ કોટેશ્વર રોડ મોટેરા ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૨/૨૦૨૩ રાતના ૯/૦૦ થી તા.૧૫/૦૨/૨૦૨૩ સવારના ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ચાંદખેડા મોટેરા દેવમંગલ સોસાયટી પાસે મધુરમવીલા ખાતે રહેતા પ્રધ્યુમન સીકરવાલના દાદાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, એલ.ઈ.ડી ટીવી નંગ-૨ તેમજ ચીજવસ્તુઓ અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૦૧/૨૦૨૩**

**શાહીબાગઃ** નટવરભાઈ વિરાભાઈ પરમાર (ઉ.વ.૪૮) (રહે. ગણેશ રબારીની ચાલી જુના લોખંડ બજાર મહેદી કુવા મેટ્રો ગેટ નંબર-૨ ની બાજુમાં માધવપુરા) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નટવરભાઈ પરમારના માતા બિમાર હોઈ સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા તા.૧૫/૦૨/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે સિવીલ હોસ્પીટલ ટ્રોમાં સેન્ટરમાં સારવાર દરમ્યાન નટવરભાઈ પરમારના માતાને એક્સ-રે વિભાગમાં એક્સ-રે પડાવવા લઈ ગયા હતા ત્યારે એક્સ-રે રૂમમાં અજાણ્યો એક પુરૂષ તેમની સાથે ગયો હતો. જેને એક્સ-રે રૂમમા દર્દીના સગા તરીકે પોતાની ઓળખ આપી નજર ચુકવી નટવરભાઈ પરમારના માતાના બંને કાનમાં પહેરેલ સોનાની બુટીઓ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.જે.જીતિયા ચલાવે છે.

**નારોલઃ** શુભમ સ/ઓ અશોકભાઇ શાહ (રહે. કમલ એપાર્ટેમન્ટ મણીનગર ચાર રસ્તા બેન્ક ઓફ બરોડા સામે મણીનગર) એ તા.૧૩/૦૨/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે નારોલ કેનાલરોડ ઝરણા પાર્ટી પ્લોટની બહાર પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ, ચાર્જર, માઉસ, તેમજ ૨૦ ડોલર તેમજ જરૂરી દસ્તાવેજ સાથેનુ પર્સ, ઘડીયાળ નંગ-૨, ઇયર બર્ડ્સ મળી કુલ રૂપિયા ૪૩,૫૦૦/- મતાની ચોરી કરી લઈ લઇ છે. આ અંગેની ફરીયાદ શુભમ શાહે તા.૧૫/૦૨/૨૦૨૩ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જી.બ્રીદ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૩૦૨/૨૦૨૩**

**ઓઢવઃ** અંબિકાબહેન વા/ઓ પુનમભાઇ પરમાર (ઉ.વ.૬૫) (રહે. ગોવર્ધન પાર્ક સોસાયટી જૈન દેરાસર રોડ ઓઢવ કડીયાનાકા ઓઢવ) તા.૧૫/૦૨/૨૦૨૩ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ સરનામુ પુછવાનુ બહાનુ કરી નજીક આવી અંબિકાબહેન પરમારના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૨,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ અંબિકાબહેન પરમાર એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૦૩/૨૦૨૩**

**સોલા હાઈકોર્ટઃ** ભરતીબહેન નરેન્દ્રસિંહ ઝાલા (ઉ.વ.૬૨) (રહે. સીમંધર મેટ્રો, ગોતા) એ બિમારીથી કંટાળી તા.૧૫/૦૨/૨૦૨૩ કલાક ૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરના ધાબા ઉપરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.રવીયા ચલાવે છે.

**માધવપુરાઃ** આબેદાબીબી વા/ઓ સિકંદરખાન પઠાણ (ઉ.વ.૪૫) (રહે. શાહી મસ્જિદ ગુરૂદ્વારા સામે શાહી મસ્જીદ કમ્પાઉન્ડ દુધેશ્વર રોડ માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૨/૨૦૨૩ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રથમ માળથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયકિશન હર્ષદરાય ચલાવે છે.

**નારોલઃ** રીધ્ધી ડો/ઓ હરીશભાઇ પરમાર (ઉ.વ.૧૭) (રહે. કળશ એંકલવ ઓશીયામોલ સામે નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૨/૨૦૨૩ સવારના ૧૧/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આઈ.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી